"મીઠાં બાળકો - તમારો એક - એક બોલ બહુજ મીઠો ફર્સ્ટ ક્લાસ હોવો જોઈએ, જેમ બાપ દુઃખ હર્તા, સુખ કર્તા છે, એમ બાપ સમાન સર્વ ને સુખ આપો"

પ્રશ્ન :- લૌકિક મિત્ર-સંબંધીઓ ને જ્ઞાન આપવાની યુક્તિ શું છે?

ઉત્તર :- કોઈ પણ મિત્ર-સંબંધી વગેરે છે તો એમની સાથે ખૂબ નમ્રતા થી, પ્રેમભાવ થી મુસ્કુરાઈ ને વાત કરવી જોઈએ. સમજાવવું જોઈએ આ એ જ મહાભારત લડાઈ છે. બાપે રુદ્ર જ્ઞાન-યજ્ઞ રચ્યો છે. હું તમને સત્ય કહું છું કે ભક્તિ વગેરે તો જન્મ-જન્માંતર કરી, હવે જ્ઞાન શરુ થાય છે. જ્યારે તક મળે, તો ખૂબ જ યુક્તિ થી વાત કરો. કુટુંબ પરિવાર માં બહુ જ પ્રેમ થી ચાલો. ક્યારેય કોઈને દુઃખ ન આપો.

ગીત :- આખિર વહ દિન આયા આજ...

ઓમ્ શાંતિ ! જ્યારે કોઈ ગીત વાગે છે તો બાળકોએ પોતાની અંદર તેનો અર્થ કાઢવો જોઈએ. સેકન્ડ માં નીકળી શકે છે. આ બેહદ નાં ડ્રામા ની બહુ જ મોટી ઘડિયાળ છે ને? ભક્તિ માર્ગ માં મનુષ્ય પોકારે પણ છે. જેમ કોર્ટ માં કેસ હોય છે તો કહે છે ક્યારે સુનવાઈ (સુનાવણી) થાય, ક્યારે બોલાવો આવે તો અમારો કેસ પૂરો થાય. તો બાળકો નો પણ કેસ છે, કયો કેસ? રાવણે તમને બહુ જ દુઃખી બનાવ્યા છે. તમારો કેસ દાખલ થાય છે મોટી કોર્ટ માં. મનુષ્ય પોકારતા રહે છે-બાબા, આવો, આવીને અમને દુઃખો થી છોડાવો. એક દિવસ સુનવાઈ તો જરુર થાય છે. બાપ સાંભળે પણ છે, ડ્રામા અનુસાર આવે પણ છે બિલકુલ નિશ્ચિત સમય પર. તેમાં એક સેકન્ડ નો પણ ફરક નથી પડી શકતો. બેહદની ઘડિયાળ કેટલી બરાબર ચાલે છે. અહીં તમારી પાસે આ નાની ઘડિયાળો પણ બરોબર નથી ચાલતી. યજ્ઞ નું દરેક કાર્ય બરોબર થવું જોઈએ. ઘડિયાળ પણ બરોબર હોવી જોઈએ. બાપ તો બહુ જ એક્યુરેટ છે. સુનવાઈ પણ એકદમ બરોબર થાય છે. કલ્પ-કલ્પ, કલ્પ નાં સંગમ પર બરોબર સમય પર આવે છે. તો બાળકોની હવે સુનવાઈ થઈ, બાબા આવેલા છે. હમણાં તમે બધાંને સમજાવો છો. પહેલાં તમે પણ નહોતા સમજતા કે દુઃખ કોણ આપે છે? હવે બાપે સમજાવ્યું છે રાવણ રાજ્ય શરુ થાય છે દ્વાપર થી. આપ બાળકો ને ખબર પડી ગઈ છે - બાબા કલ્પ-કલ્પ સંગમયુગ પર આવે છે. આ છે બેહદની રાત. શિવબાબા બેહદ ની રાત માં આવે છે, શ્રીકૃષ્ણ ની વાત નથી, જ્યારે ઘોર અંધકાર માં અજ્ઞાન નિદ્રા માં સૂતાં રહે છે ત્યારે જ્ઞાન-સૂર્ય બાપ આવે છે, બાળકો ને દિવસ માં લઈ જવાં. કહે છે મને યાદ કરો કારણકે પતિત થી પાવન બનવાનું છે. બાપ જ પતિત પાવન છે. એ જ્યારે આવે ત્યારે તો સુનવાઈ થાય. હવે તમારી સુનવાઈ થઈ છે. બાપ કહે છે હું આવ્યો છું પતિતો ને પાવન બનાવવાં. પાવન બનવાનો તમને કેટલો સહજ ઉપાય બતાવું છું. આજકાલ જુઓ, સાયન્સ નું કેટલું જોર છે. ઓટોમેટીક બોમ્બ્સ વગેરે નો કેટલો જોર થી અવાજ થાય છે. આપ બાળકો સાઈલેન્સ (શાંતિ) નાં બળ થી આ સાયન્સ પર જીત પામો છો. સાઈલેન્સ ને યોગ પણ કહેવાય છે. આત્મા બાપ ને યાદ કરે છે - બાબા, આપ આવો તો અમે શાંતિધામ જઈને નિવાસ કરીએ. તો આપ બાળકો આ યોગબળ થી, સાઈલેન્સ નાં બળ થી સાયન્સ પર જીત પામો છો. શાંતિ નું બળ પ્રાપ્ત કરો છો. સાયન્સ થી જ આ બધો વિનાશ થવાનો છે. સાઈલેન્સ થી આપ બાળકો વિજય મેળવો છો. બાહુબળ વાળા ક્યારેય પણ વિશ્વ પર જીત મેળવી નથી શકતાં. આ પોઈન્ટ્સ (મુદ્દો) પણ તમારે પ્રદર્શન માં લખવો જોઈએ.

દિલ્લી માં ખુબ સર્વિસ થઈ શકે છે કારણકે દિલ્લી છે બધાની રાજધાની. તમારી પણ દિલ્લી જ રાજધાની હશે. દિલ્લી ને જ પરિસ્તાન કહેવાય છે. પાંડવો નાં કિલ્લા તો નથી. કિલ્લા ત્યારે બંધાય છે જ્યારે દુશ્મન ચઢાઈ કરે છે. તમને તો કિલ્લા વગેરે ની દરકાર રહેતી નથી. તમે જાણો છો આપણે સાઈલેન્સ નાં બળ થી પોતાનું રાજ્ય સ્થાપન કરી રહ્યાં છીએ, તેમની છે બનાવટી શાંતિ. તમારી છે સાચી શાંતિ. જ્ઞાન નું બળ, શાંતિ નું બળ કહેવાય છે. નોલેજ છે ભણતર. ભણતર થી જ બળ મળે છે. પોલીસ સુપરિન્ટેન્ડન્ટ બને છે, કેટલું બળ રહે છે! તે બધી છે શારીરિક વાતો દુઃખ આપવા વાળી. તમારી દરેક વાત રુહાની છે. તમારા મુખ થી જે પણ બોલ નીકળે છે તે એક-એક બોલ એવાં ફર્સ્ટક્લાસ મીઠા હોય જે સાંભળવા વાળા ખુશ થઈ જાય. જેમ બાપ દુઃખહર્તા સુખકર્તા છે,

એમ આપ બાળકોએ પણ બધાને સુખ આપવાનું છે. કુટુંબ પરિવાર ને પણ દુઃખ વગેરે ન થાય. કાયદા અનુસાર સૌથી ચાલવાનું છે. મોટા ની સાથે પ્રેમ થી ચાલવાનું છે. મુખ થી શબ્દ એવાં મીઠા ફર્સ્ટ ક્લાસ નીકળે જે બધાં ખુશ થઇ જાય. બોલો, શિવબાબા કહે છે મનમનાભવ. ઊંચેથી ઊંચો હું છું. મને યાદ કરવાથી જ તમારા વિકર્મ વિનાશ થશે. બહુ જ પ્રેમ થી વાત કરવી જોઈએ. સમજો, કોઈ મોટા ભાઈ હોય બોલો દાદાજી, શિવબાબા કહે છે - મને યાદ કરો. શિવબાબા જેમને રુદ્ર પણ કહેવાય છે, તે જ જ્ઞાન-યજ્ઞ રચે છે. શ્રીકૃષ્ણ જ્ઞાન-યજ્ઞ શબ્દ નહીં સાંભળશો. રુદ્ર જ્ઞાન-યજ્ઞ કહે છે તો રુદ્ર શિવબાબાએ આ યજ્ઞ રચ્યો છે. રાજાઈ પ્રાપ્ત કરવા માટે જ્ઞાન અને યોગ શિખવાડી રહ્યાં છે. બાપ કહે છે ભગવાનુવાચ મામેકમ્ યાદ કરો કારણકે હમણાં બધાની અંતિમ ઘડી છે, વાનપ્રસ્થ અવસ્થા છે. બધાએ પાછાં જવાનું છે. મરતી વખતે મનુષ્ય ને કહે છે ને ઈશ્વર ને યાદ કરો. અહીં ઈશ્વર સ્વયં કહે છે મોત સામે ઊભું છે, એનાથી કોઈ બચી નથી શકતું. અંત માં જ બાપ આવીને કહે છે કે બાળકો, મને યાદ કરો તો તમારા પાપ ભસ્મ થઈ જાય, આને યાદ ની અગ્નિ કહેવાય છે. બાપ ખાતરી કરે છે કે આનાંથી તમારા પાપ દગ્ધ થશે. વિકર્મ વિનાશ થવાનો, પાવન બનવાનો બીજો કોઈ ઉપાય નથી. પાપો નાં બોજા માથા પર ચઢતાં-ચઢતાં ખાદ પડતાં-પડતાં સોનું ૯ કેરેટ નું થઈ ગયું છે. ૯ કેરેટ નાં પછી મુલમ્મો (સોના ની પરત) કહેવાય છે. હવે ફરી ૨૪ કેરેટ કેવી રીતે બને? આત્મા પ્યોર (પવિત્ર) કેવી રીતે બને? પ્યોર (પવિત્ર) આત્મા ને ઘરેણું પણ પ્યોર મળશે.

કોઈ મિત્ર-સંબંધી વગેરે છે તો તેમનાથી ખુબ નમ્રતા થી, પ્રેમ ભાવ થી મુસ્કુરાઈ ને વાત કરવી જોઈએ. સમજાવવું જોઈએ આ તો એ જ મહાભારત લડાઈ છે. આ રુદ્ર જ્ઞાન-યજ્ઞ પણ છે. બાપ દ્વારા આપણ ને સૃષ્ટિ નાં આદિ-મધ્ય-અંત નું નોલેજ મળી રહ્યું છે. બીજે ક્યાંય પણ આ નોલેજ મળી ન શકે. હું તમને સત્ય કહું છું આ ભક્તિ વગેરે તો જન્મ-જન્માંતર કરી છે, હવે જ્ઞાન શરુ થાય છે. ભક્તિ છે રાત, જ્ઞાન છે દિવસ. સતયુગ માં ભક્તિ હોતી નથી. આમ-આમ યુક્તિ થી વાત કરવી જોઈએ. જ્યારે કોઈ તક મળે, ત્યારે તીર મારવાનું હોય છે તો સમય અને તક જોવાય છે. જ્ઞાન આપવાની પણ બહુજ યુક્તિ જોઈએ. બાપ યુક્તિઓ તો બધાને માટે બતાવતા રહે છે. પવિત્રતા તો બહુ જ સારી છે, આ લક્ષ્મી-નારાયણ આપણા મોટા પૂજ્ય છે ને? પૂજ્ય પાવન પછી પુજારી પતિત બને છે. પાવન ની પતિત બેસી પૂજા કરે - આ તો શોભતું નથી. ઘણાં તો પતિત થી દૂર ભાગે છે. વલ્લભાચારી ક્યારેય પગ ને અડવા નથી દેતાં. સમજે છે આ છી-છી મનુષ્ય છે. મંદિરો માં પણ હંમેશા બ્રાહ્મણ ને જ મૂર્તિ ને અડવાની પરવાનગી હોય છે. શુદ્ર મનુષ્ય અંદર જઈને અડી ન શકે. ત્યાં બ્રાહ્મણ લોકો જ તેમને સ્નાન વગેરે કરાવે છે, બીજા કોઈને જવાં નથી દેતાં. ફરક તો છે ને? હવે તેઓ તો છે કુખ વંશાવલી બ્રાહ્મણ, તમે છો મુખ વંશાવલી સાચાં બ્રાહ્મણ. તમે તે બ્રાહ્મણો ને સારું સમજાવી શકો છો કે તે બ્રાહ્મણ બે પ્રકાર નાં હોય છે-એક તો છે પ્રજાપિતા બ્રહ્મા નાં મુખ વંશાવલી, બીજા છે કુખ વંશાવલી. બ્રહ્મા નાં મુખ વંશાવલી બ્રાહ્મણ છે ઊંચે થી ઊંચી ચોટલી. યજ્ઞ રચે છે તો પણ બ્રાહ્મણો ને મુકરર કરાય છે. આ પછી છે જ્ઞાન-યજ્ઞ. બ્રાહ્મણો ને જ્ઞાન મળે છે જે પછી દેવતા બને છે. વર્ણ પણ સમજાવ્યાં છે. જે સર્વિસએબલ (સેવાધારી) બાળકો હશે તેમને સર્વિસ નો સદૈવ શોખ રહેશે. ક્યાંય પ્રદર્શન હશે તો ઝટ સર્વિસ પર ભાગશે - અમે જઈને આવી-આવી પોઇન્ટ્સ સમજાવીશું. પ્રદર્શન માં તો પ્રજા બનાવવાનો વિહંગ માર્ગ છે, આપોઆપ ટોળા નાં ટોળા આવી જાય છે. તો સમજાવવા વાળા પણ સારાં હોવાં જોઈએ. જો કોઈએ પૂરું નથી સમજાવ્યું તો કહેશે બી.કે. ની પાસે આ જ જ્ઞાન છે! ડિસ સર્વિસ (કુસેવા) થઈ જાય છે. પ્રદર્શન માં એક એવાં ચુસ્ત હોય જે સમજાવવા વાળા ગાઈડ (માર્ગદર્શક) ને જોતાં રહે. કોઈ મોટો માણસ છે તો તેને સમજાવવા વાળા પણ એવાં સારાં આપવા જોઈએ. ઓછું સમજાવાવાળા ને હટાવી દેવાં જોઈએ. સુપરવાઇઝ (અવેક્ષણ) કરવામાં એક સારો હોવા જોઈએ. તમારે તો મહાત્માઓ ને પણ બોલાવવાનાં છે. તમે ફક્ત બતાવો છો કે બાબા આવું કહે છે, એ ઊંચે થી ઊંચા ભગવાન છે, એજ રચયિતા બાપ છે. બાકી બધી છે એમની રચના. વારસો બાપ થી મળશે, ભાઈ-ભાઈ ને વારસો શું આપશે? કોઈ પણ સુખધામ નો વારસો આપી ન શકે. વારસો આપે છે જ બાપ. સર્વ ની સદ્દગતિ કરવા વાળા એક જ બાપ છે, એમને યાદ કરવાનાં છે. બાપ સ્વયં આવીને ગોલ્ડન એજ (સતોપ્રધાન) બનાવે છે. બ્રહ્મા-તન થી સ્વર્ગ સ્થાપન કરે છે. શિવ જયંતી મનાવે પણ છે, પરંતુ એ શું કરે છે? આ બધું મનુષ્ય ભૂલી ગયા છે. શિવબાબા જ આવીને રાજ્યોગ શિખવાડી વારસો આપે છે. ૫૦૦૦ વર્ષ પહેલાં ભારત સ્વર્ગ હતું, લાખો વર્ષ ની તો વાત જ નથી. તિથિ-તારીખ બધું છે, આને કોઈ ખંડન કરી ન શકે. નવી દુનિયા અને જૂની દુનિયા અડધી-અડધી જોઈએ. તેઓ સતયુગ નું આયુષ્ય લાખો વર્ષ કહી દે તો કોઈ હિસાબ થઈ નથી શકતો. સ્વસ્તિક માં પણ પૂરા ૪ ભાગ છે. ૧૨૫૦ વર્ષ દરેક યુગ માં વહેચાયેલા છે, હિસાબ કરાય છે ને? તે લોકો હિસાબ તો કંઈ

પણ જાણતાં નથી એટલે કોડીતુલ્ય કહેવાય છે. હવે બાપ હીરાતુલ્ય બનાવે છે. બધાં પતિત છે, ભગવાન ને યાદ કરે છે. તેમને તો ભગવાન આવીને જ્ઞાન થી ગુલ-ગુલ બનાવે છે. આપ બાળકો ને જ્ઞાન-રત્નો થી સજાવતા રહે છે. પછી જુઓ, તમે શું બનો છો, તમારો મુખ્ય ઉદ્દેશ શું છે? ભારત કેટલું સિરતાજ હતું, બધું ભૂલી ગયા છે. મુસલમાનો વગેરે પણ કેટલું સોમનાથ મંદિર થી લૂંટીને મસ્જિદો વગેરે માં હીરા વગેરે જઈને લગાવ્યાં છે? હવે તેનું તો કોઈ મુલ્ય પણ કરી નથી શકતાં. આટલી મોટી-મોટી મણિઓ રાજાઓ નાં તાજ માં રહેતી હતી. કોઈ તો કરોડ ની, કોઈ ૫ કરોડ ની. આજકાલ તો બધું ઇમિટેશન (નકલી) નીકળી પડ્યું છે. આ દુનિયા માં બધું છે બનાવટી પાઈ નું સુખ. બાકી છે દુઃખ એટલે સંન્યાસી પણ કહે છે કાગ વિષ્ટા સમાન સુખ છે એટલે તે ઘરબાર છોડે છે પરંતુ હવે તો તેઓ પણ તમોપ્રધાન થઇ ગયાં છે. શહેર માં અંદર ઘૂસી ગયાં છે. પરંતુ હવે કોને સંભળાવીએ? રાજા-રાણી તો નથી. કોઈ પણ માનશે નહીં. કહેશે બધાની પોત-પોતાની મત છે, જે ઈચ્છે તે કરે. સંકલ્પ ની સૃષ્ટિ છે. હવે આપ બાળકો ને બાપ ગુપ્ત રીતે પુરુષાર્થ કરાવતાં રહે છે. તમે કેટલું સુખ ભોગવો છો. બીજા ધર્મ પણ અંત માં જ્યારે વૃદ્ધિને પામે છે ત્યારે લડાઈઓ વગેરેની ખટપટ થાય છે. પોણો સમય તો સુખ માં રહો છો એટલે બાપ કહે છે તમારો દેવી-દેવતા ધર્મ બહુ જ સુખ આપવા વાળો છે. અમે તમને વિશ્વ નાં માલિક બનાવીએ છીએ. બીજા ધર્મસ્થાપક કોઈ રાજાઈ નથી સ્થાપન કરતાં. તેઓ સદ્દગતિ નથી કરતાં. આવે છે ફક્ત પોતાનો ધર્મ સ્થાપન કરવાં. તે પણ જ્યારે અંત માં તમોપ્રધાન બની જાય છે તો પછી બાપ ને આવવું પડે છે સતોપ્રધાન બનાવવાં.

તમારી પાસે સેંકડો મનુષ્ય આવે છે પરંતુ કંઈ પણ સમજતા નથી. બાબા ને લખે છે ફલાણા ખુબ સારું સમજી રહ્યાં છે, બહુ જ સારા છે. બાબા કહે છે કાંઈ પણ સમજ્યાં નથી. જો સમજી જાય બાબા આવેલાં છે, વિશ્વ નાં માલિક બનાવી રહ્યાં છે, બસ તે જ સમયે મસ્તી ચઢી જાય. તરત ટિકિટ લઇને આ ભાગે. પરંતુ બ્રાહ્મણી ની ચિઠ્ઠી તો જરૂર લાવવી પડે-બાપ ને મળવા માટે. બાપ ને ઓળખી જાય તો મળ્યા વગર રહી ન શકે, એકદમ નશો ચઢી જાય. જેમને નશો ચઢેલો હશે તેમને અંદર માં ખુબ ખુશી રહેશે. તેમની બુદ્ધિ મિત્ર-સંબંધીઓ માં ભટકશે નહીં. પરંતુ અનેકો ની ભટકતી રહે છે. ગૃહસ્થ વ્યવહાર માં રહેતાં કમળ ફૂલ સમાન પવિત્ર બનવાનું છે અને બાપ ની યાદ માં રહેવાનું છે. છે બહુ જ સહજ. જેટલું થઈ શકે બાપ ને યાદ કરતાં રહો. જેમ ઓફીસ થી રજા લો છો, તેમ ધંધા થી રજા લઈને એક-બે દિવસ યાદ ની યાત્રામાં બેસી જાઓ. ઘડી-ઘડી યાદ માં બેસવા માટે સરસ આખો દિવસ વ્રત રાખી લઉં છું-બાપ ને યાદ કરવાનું. કેટલું જમા થઈ જશે? વિકર્મ પણ વિનાશ થશે. બાપ ની યાદ થી જ સતોપ્રધાન બનવાનું છે. આખો દિવસ પૂરો યોગ તો કોઈ નો લાગી પણ ન શકે. માયા વિઘ્ન જરુર નાખે છે છતાં પણ પુરુષાર્થ કરતાં-કરતાં વિજય મેળવી લેશો. બસ, આજ નો આખો દિવસ બગીચા માં બેસી બાપ ને યાદ કરું છું. ખાવા પર પણ બસ યાદ માં બેસી જાઉં છું. આ છે મહેનત. આપણે પાવન જરુર બનવાનું છે. મહેનત કરવાની છે, બીજાઓને પણ રસ્તો બતાવવાનો છે. બેજ તો બહુજ સારી ચીજ છે. રસ્તા માં પરસ્પર વાત કરતાં રહેશો તો ઘણાં આવીને સાંભળશે. બાપ કહે છે મને યાદ કરો, બસ, મેસેજ મળી ગયો તો આપણે રિસપોન્સિબીલીટી (જવાબદારી) થી છૂટી ગયાં. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રત્યે માત-પિતા બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડ મોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકો ને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. ધંધા વગેરે થી જ્યારે રજા મળે તો યાદ માં રહેવાનું વ્રત લેવાનું છે. માયા પર વિજય પ્રાપ્ત કરવા માટે યાદ ની મહેનત કરવાની છે.
2. બહુજ નમ્રતા અને પ્રેમ ભાવ થી હસીને મુસ્કુરાઈ ને સંબંધીઓની સેવા કરવાની છે. તેમાં બુદ્ધિને ભટકાવવાની નથી. પ્રેમ થી બાપ નો પરિચય આપવાનો છે.

વરદાન :- ચાલતા - ફરતા ફરિશ્તા સ્વરુપ નો સાક્ષાત્કાર કરાવવા વાળા સાક્ષાત્કાર મૂર્ત ભવ

જેવી રીતે શરુઆત માં ચાલતા-ફરતા બ્રહ્મા ખોવાઈ ને શ્રીકૃષ્ણ દેખાતા હતા, એ જ સાક્ષાત્કારે બધું છોડાવી દીધું. એવી રીતે સાક્ષાત્કાર દ્વારા હમણાં પણ સેવા થાય. જ્યારે સાક્ષાત્કાર થી પ્રાપ્તિ થશે તો બન્યા વગર રહી નહીં શકે એટલે ચાલતા-ફરતા ફરિશ્તા સ્વરુપ નો સાક્ષાત્કાર કરાવો. ભાષણ વાળા ઘણા છે પરંતુ તમે ભાસના આપવા વાળા બનો-ત્યારે સમજશે આ અલ્લાહ લોકો છે.

સ્લોગન :- સદા રુહાની મોજ નો અનુભવ કરતા રહો તો ક્યારેય પણ મુંજાશો નહીં.
પોતાની શક્તિશાળી મન્સા દ્વારા સકાશ આપવાની સેવા કરો

હવે પોતાના દિલ ની શુભ ભાવનાઓ અન્ય આત્માઓ સુધી પહોંચાડો. સાઇલેન્સ ની શક્તિ ને પ્રત્યક્ષ કરો. દરેક બ્રાહ્મણ બાળકો માં આ સાઇલેન્સ ની શક્તિ છે. ફક્ત આ શક્તિ ને મન થી, તન થી ઇમર્જ કરો. એક સેકન્ડ માં મન નાં સંકલ્પો ને એકાગ્ર કરી લો તો વાયુમંડળ માં સાઇલેન્સ ની શક્તિ નાં પ્રકંપન સ્વતઃ ફેલાતાં રહેશે.